દિવ્ય ભાસ્કર

અમદાવાદ 07-12-2025

## જાહેરાત

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**દિવ્યાંગ સાધન સહાય યોજના**

ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર તા.૨૦-૦૭-૨૦૨૫ના રોજ જાહેરાત આપી તા.૦૫/૦૯/૨૦૨૫ સુધી દિવ્યાંગ સાધન સહાય યોજનાની અરજી લેવામાં આવેલ. યોજના અંતર્ગત વધુમાં વધુ લાભાર્થી લાભ લઈ શકે તે ધ્યાને લેતા યોજનાનુ પોર્ટલ ફરી શરૂ કરવામાં આવે છે.

દિવ્યાંગ સાધન સહાય યોજનામાં ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને દિવ્યાંગતામાં સહત થાય તેવા સાધનો પુરા પાડી તેમનો શૈક્ષણિક વિકાસ અને સામાજિક પુન:સ્થાપન થાય તે હેતુથી સાધનો આપવામાં આવે છે. ધ રાઈટ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટી એક્ટ-૨૦૧૬ માં દર્શાવેલ ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતી દિવ્યાંગ વ્યક્તિને નીચે મુજબના સાધનો મળવાપાત્ર રહેશે.

| ક્રમાંક | દિવ્યાંગતાના પ્રકાર | સાધનનુ નામ(રેડી ટુ યુઝ) | સાધનનુ નામ(ફેબ્રીકેટેડ) |
|---|---|---|---|
| 1 | અંધત્વ | સ્માર્ટ કેન, સ્માર્ટ ફોન, વિઝ્યુઅલ ઈમ્પેયર્ડ કીટ, બ્રેઈલ કિટ | - |
| 2 | મસ્ક્યુલર ડિસ્ટ્રોફી | વ્હીલચેર | કેલિપર્સ |
| 3 | શ્રવણ ક્ષતિ | હિયરીંગ એઈડ્સ (BTE) બંને કાન માટે | - |
| 4 | ઓછી દ્રષ્ટિ | - | ચશ્મા |
| 5 | બૌધ્ધિક અસમર્થતા | TLM કિટ (ઉંમર પ્રમાણે) | - |
| 6 | કુષ્ઠરોગ મુક્ત વ્યક્તિ | ADL કિટ, સેલ ફોન | - |
| 7 | લોકોમોટર દિવ્યાંગતા | વ્હીલચેર, ટ્રાઈસિકલ, વોકિંગ સ્ટીક, એલ્યુમીનીયમ કાખઘોડી (એક્ઝિલા ક્રચ), એલ્બો ક્રચ | કેલિપર્સ, કૃત્રિમ અંગો |
| 8 | સેરેબ્રલ પાલ્સી(અસ્થિ વિષયક) | સી.પી. ચેર, નાની વ્હીલચેર, રોલેટર્સ | કેલિપર્સ |
| 9 | માનસિક રોગ | TLM કિટ (ઉંમર પ્રમાણે) | - |
| 10 | મલ્ટિપલ ડિસએબિલિટી | વ્હીલચેર, ટ્રાઈસિકલ, વોકિંગ સ્ટિક, એલ્યુમીનીયમ કાખઘોડી (એક્ઝિલા ક્રચ), એલ્બો ક્રચ, TLM કિટ (ઉંમર પ્રમાણે) | કેલિપર, કૃત્રિમ અંગો |

આ યોજનાનો લાભ મેળવવા https://esamajkalyan.gujarat.gov.in પર તા-૩૧-૧૨-૨૦૨૫ સુધીમા ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ યોજનાની વધુ માહિતી ઉપરોક્ત પોર્ટલ પર મેળવી શકાશે. યોજના અંગે વધુ માર્ગદર્શન મેળવવા સંબધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

**નોંધ:**

- ઉપરોક્ત સાધનમાંથી એકથી વધુ સાધનની અરજી નક્કી કરેલ દિવ્યાંગતાના પ્રકાર મુજબ કરી શકાશે અને તેવા કિસ્સામાં સાધન સરકારશ્રી દ્વારા નક્કી કરેલ મર્યાદા મુજબની રકમ પ્રમાણેજ મળવાપાત્ર રહેશે.
- જે લાભાર્થીએ અગાઉ અરજી કરેલ છે તેમણે અરજી કરવાની રહેશે નહી.

નિયામક
સમાજ સુરક્ષા
ગુજરાત રાજ્ય ગાંધીનગર

માહિતી/ ૨૦૧૧ /૨૦૨૫-૨૬